ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરના માન.અધ્યક્ષશ્રી માટે નવું વાહન(ઈનોવા એ.સી.) રૂ.૧૨.૦૦ લાખની મર્યાદામાં ખરીદવા અંગેની મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૪૨૦૧૫/૪૪૮૪૯૫/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- 30/03/૨૦૧૬.

વંચાણમાં લીધા:-

૧. ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૮/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ગુઅપવિવિ/૧૫/૧૮૩૭-૧૮૩૭.
૨. ગૃહ વિભાગનો તા:૦૭/૧૨/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૧/૩૦૨૬/ઘ.
૩. બંદર અને વાહન વ્યવહાર વિભાગનો તા:૨૪/૦૯/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ.

આમુખ:-

ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક – ૧ પરના તા:૦૮/૧૨/૨૦૧૫ના પત્ર દ્વારા માન.અધ્યક્ષશ્રી માટે નવું વાહન(ઈનોવા એ.સી.) ખરીદવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:

રાજ્ય સરકાર દ્વારા વર્ષ:૨૦૧૪થી આયોગ/બોર્ડ/કોર્પોરેશનના ચેરપર્સનશ્રી માટે અગાઉ નિયત થયેલ એસ.એક્ક્ષ.-૪ વાહનને બદલે ઈનોવા(એ.સી.) વાહન પુરૂ પાડવા માટે નીતિ અપનાવવામાં આવેલ છે તદ્દનુસાર ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમના ચેરમેનશ્રી માટે નીચે મુજબની શરતોની આધિન એક ઈનોવા(એ.સી.) વાહન રૂ.૧૨.૦૦ લાખની મર્યાદામાં ખરીદવા માટેની મંજૂરી આપવામાં આવે છે:-

૧) હાલમાં માન.અધ્યક્ષશ્રી દ્વારા ઉપયોગમાં લેવાય રહેલ એસ.એક્ક્ષ.-૪ વાહન વિભાગના અનુસુચિત જાતિ પ્રભાગ હેઠળના અધિકારીશ્રીઓને જ્યારેપણ સરકારી કાર્ય અર્થે વાહનની જરૂરીયાત હોય ત્યારે ઉપલબ્ધ કરી આપવાનું રહેશે.

૨) આ અંગેનો ખર્ચ જે-તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદા કરવાનો રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા:૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘની જોગવાઈ અને શરતોને અનુસરીને જે-તે નાણાંકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૬) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં. તેમજ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

૭) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રકીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૮) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા:૨૪/૦૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલીત હોય તો તેન સી.એન.જી.મા રૂપાંતરિત કરાવવાની જવાબદારી નિગમની રહેશે.

૯) વાહનની ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૫-૧૬ના બજેટ સદર માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર-૦૩, બીસીકે-૪૧ અનુસૂચિત જાતિ પેટા યોજના બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૮/૦૩/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.જે.ખડીયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.